This Question Paper consists of 8 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 8 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No. / રોલ નંબર | | | | | | | | | | | | |

Code No. 69/S/A/G
કોડ નં.

Set / સેટ - A

# GUJARATI
# ગુજરાતી
# (207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ____________________

Signature of Invigilators 1. ____________________
(નિરીક્ષકોની સહી)
2. ____________________

**સામાન્ય નિર્દેશ :**

1 બધા પ્રશ્નોના ઉત્તર આપેલ ઉત્તર-પુસ્તિકામાં જ લખવા.

2 પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવેલ છે. આ પ્રશ્નપત્ર 02.15 p.m. એ વહેંચવામાં આવશે. 02.15 p.m. થી 02.30 p.m. ના સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓએ કોઈ પણ ઉત્તર લખ્યા વગર ફક્ત પ્રશ્નપત્ર વાંચવાનું રહેશે.

3 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

4 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાનાં ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

5 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D)માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર-પુસ્તિકામાં લખવો.

6 બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય આપવામાં નહીં આવે.

7 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

8 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા 69/S/A/G, સેટ - A લખવી.

# GUJARATI

# ગુજરાતી

# (207)

**સમય : 3 કલાક]** **[કુલ ગુણ : 100**

**સૂચના :**

1 **બધા** પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે ગુણ આપેલા છે.

2 બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

3 બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

## વિભાગ - 1

## (ગુણ-50)

1 ખાલી જગ્યા પૂરો : 5

(1) 'જસોદા તારા કાનુડાને જગાડ' કાવ્યમાં _______ નો માતૃપ્રેમ વ્યક્ત થાય છે.

(2) _______ ના કારણે સડકો ચગદાઈ ગઈ છે.

(3) આ કાવ્યમાં કવિ _______ ની કૃષ્ણ ભક્તિ પ્રગટ થાય છે.

(4) _______ અને _______ ના કારણે ગુજરાતની ધરતી ધન્ય છે.

(5) 'કોણ' કાવ્યમાં પ્રાસને કારણે _______ અનુભવાય છે.

2 આપેલા સવાલોના જવાબ આપો : 5

(1) 'કોણ' કાવ્યમાં કોની સર્વવ્યાપકતાના દર્શન થાય છે?

(2) કાનુડાની બાળલીલાઓનું વર્ણન કયા કાવ્યમાં થયું છે?

(3) 'ગિરી ચટ્ટાન સમાણી છાતી' માં કયો અલંકાર છે?

(4) ગોવર્ધન પર્વત ક્યાં ઢળ્યો?

(5) 'હાં રે કોઈ માધવ લ્યો' પદની શી વિશિષ્ટતા છે?

3 નીચે આપેલા સવાલોના જવાબ આપો : 15

(1) ઘરમાં થતા કોલાહલને મોટાભાઈએ કોની સાથે સરખાવ્યો છે?

(2) બજરંગ બલીની જય ક્યાં બોલાવવામાં આવે છે?

(3) નંદુએ નાયકને અખાડામાં ખેંચીને કેમ ઉતાર્યા?

(4) ગૌરીની ઉલટતપાસનું શું પરિણામ આવ્યું?

(5) 'દંડ બેઠક કર્યા?' એના જવાબમાં નાયકનો કયો ભાવ દૂર થાય છે?

(6) ઉત્તરાયણનો મંગળ-સંદેશ શો છે?

(7) 'તડકો અને ચેતના' કોના પછી આવે છે?

(8) આબુ પર્વત અને અરબી સમુદ્ર વચ્ચે કોનું સ્થાન છે?

(9) ગરમ થયેલા ડબ્બાઓને શેની ઉપમા આપી છે?

(10) પ્રયાગરાજમાં કઈ-કઈ નદીઓનો સંગમ થાય છે?

(11) નાયિકાએ માતાની સરખામણી શાની સાથે કરી છે?

(12) ઉત્તરાયણ આપણાં હાથમાં પતંગનું પ્રતીક કેમ આપે છે?

(13) 'કોઈ માધવ લ્યો' કાવ્યનો કર્તા જણાવો.

(14) 'તડકા'ને કોના જેવો અડીખમ કહ્યો છે?

(15) ગુજરાતમાં સર્વધર્મ સમભાવ માટે કયો મંત્ર ગૂંજે છે?

4 વૈકલ્પિક પ્રશ્નો : 25

(1) કુંભ મેળો કેટલાં વર્ષે ભરાય છે?

(A) 10 (B) 12

(C) 15 (D) 20

(2) જબલપુરમાં કોણ રહેતું હતું?

(A) લેખકના ભાઈ (B) લેખકની બહેન

(C) લેખકના મિત્રો (D) લેખકના માતા-પિતા

(3) લેખકે ગુપ્તવેશે છેલ્લું કયું ભોજન ખાધું?

(A) ગુજરાતી (B) રાજસ્થાની

(C) મહારાષ્ટ્રીયન (D) પંજાબી

(4) 'બેફામ' ઉપનામથી કયા કવિ ઓળખાય છે?

(A) મેઘાણી (B) દલપતરામ

(C) નરસિંહ મહેતા (D) બરકત વિરાણી

(5) મૂરખ પાણી દેખી શું કરે છે?

(A) સ્નાન (B) પાન

(C) દાન (D) ધ્યાન

(6) 'હાઈકુ'માં કુલ કેટલા અક્ષર હોય છે?

(A) 10 (B) 12

(C) 15 (D) 17

(7) 'આસોપાલવ' શેનું પ્રતીક છે?

(A) શોકનું (B) માંગલ્યનું

(C) શાંતિનું (D) શક્તિનું

(8) નાયિકાના ગામડેથી ઑફિસમાં કોણ આવ્યું હતું?

(A) સુશીલા માસી (B) લલિતા માસી

(C) શાંતા માસી (D) માતા

(9) શરદઋતુના સ્વચ્છ, વિશાળ અને પારદર્શક આકાશ સાથે કોની સરખામણી કરવામાં આવી છે?

(A) નાયિકાની માતાની (B) નાયિકાની બહેનની

(C) નાયિકાની પાડોશણની (D) નાયિકાની સખીની

(10) નાયિકાની માતા કેવી રીતે કમાણી કરતી?

(A) લોકોના વાસણ ઘસીને (B) બીજાના કપડા સીવીને

(C) ટ્યૂશન ભણાવીને (D) નોકરી કરીને

(11) મારી માની નાયિકા એમ.બી.બી.એસ.માં કયા નંબરે પાસ થઈ?

(A) પહેલા (B) બીજા

(C) ત્રીજા (D) છેલ્લા

(12) જલની ઝંકોર કોને જગાડી જાય છે?

(A) સખીને (B) કવિને

(C) પંખીને (D) માછલીને

(13) બીજને ઝરૂખે કોણ ઊભું છે?

(A) પ્રેમી (B) પ્રિયતમા

(C) સખી (D) કવિ

(14) દહીં વેચવા નીકળેલી ગોપી બીજી ગોપીઓ સાથે ક્યાં જવા નીકળી છે?

(A) મથુરા (B) આગરા

(C) કાશી (D) વૃંદાવન

(15) 'ઉશ્કેરાઈ જવું' રૂઢિપ્રયોગનો અર્થ જણાવો.

(A) ગુસ્સે થવું (B) ઊભરાઈ જવું

(C) ભાગી જવું (D) કરમાઈ જવું

(16) 'સાબરના નીતરેલ નીર' પંક્તિમાં નિહિત અલંકાર ઓળખો.

(A) ઉપમા (B) રૂપક

(C) યમક (D) ઉત્પ્રેક્ષા

(17) 'સુગંધ' શબ્દનો સમાનાર્થી જણાવો.

(A) દુર્ગંધ (B) સુવાસ

(C) ગંધહીન (D) ગંધારું

(18) 'પર્વતને ઊંચકનાર' શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(A) પર્વતારોહી (B) ગિરિધર

(C) પર્વતાકાર (D) આરોહી

(19) નાયક કયા દાવપેચ જાણતા હતા?

(A) મગજના (B) હસવાના

(C) રોવાના (D) યુદ્ધના

(20) કઈ ઋતુમાં રાત્રિ લાંબી હોય છે?

(A) ઉનાળામાં (B) ચોમાસામાં

(C) શિયાળામાં (D) વસંતમાં

(21) વ્યાયામશાળાના નાયક સંમેલનમાં શેના વિશે બોલ્યા?

(A) અખાડાની પ્રવૃત્તિ અને વ્યાયામ વિશે

(B) ભણતર વિશે

(C) આઝાદી વિશે

(D) ધર્મ વિશે

(22) ઉત્તર તરફની દિશા એટલે શું?

(A) અધોગતિની દિશા (B) પ્રગતિની દિશા

(C) આથમવાની દિશા (D) ઉગમણી દિશા

(23) 'બાહ્યાચાર' શબ્દની સંધિ છૂટી પાડો.

(A) બાહ્ય + આચાર (B) બાહ્યા + ચાર

(C) બાહ + આચારા (D) બા + હ્યાચાર

(24) 'એક માના પેટે જન્મેલા' શબ્દસમૂહ માટે એક શબ્દ છે :

(A) લંબોદર (B) સહોદર

(C) બરોબર (D) પેટોદર

(25) 'ઉન્નતિ' શબ્દનો વિરોધી શબ્દ જણાવો.

(A) પ્રગતિ (B) શાંતિ

(C) અશાંતિ (D) અવનતિ/અધોગતિ

## વિભાગ - 2

## (ગુણ-50)

**5** નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ચાર**ના ટૂંકમાં જવાબ લખો : **8**

(1) 'તડકો' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

(2) 'એક પ્રશ્ન' વાર્તામાં બહેન કર્ણની વાત દ્વારા શું કહેવા માંગે છે? સ્પષ્ટ કરો.

(3) વીશીમાં જમવા આવનારાએ ઠપકો આપવાથી શંકરલાલે પોતાના બચાવમાં શું કહ્યું?

(4) 'રસ્તા વસંતના' કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

(5) 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકાના મનમાં ઉપસતા વિવિધ સ્મૃતિ ચિત્રોને વર્ણવો.

**6** નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **છ** સવાલોના જવાબ ટૂંકમાં લખો : **18**

(1) નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય બનાવો :

(i) જીવમાં જીવ આવવો

(ii) ગળગળા થઈ જવું

(iii) આકાશ તૂટી પડવું

(2) 'જસોદા તારા કાનુડાને જગાડ' કાવ્યમાં વર્ણિત કૃષ્ણના બાળપણના તોફાનોનું વર્ણન કરો.

(3) 'વિભાગ-ક'માં આપેલ દરેક શબ્દનો પર્યાયી શબ્દ 'વિભાગ-ખ'માંથી શોધીને લખો.

| વિભાગ-'ક' | વિભાગ-'ખ' |
|---|---|
| મતિ | વખાણ |
| પ્રશંસા | પ્રગતિ |
| કાયા | બુદ્ધિ |
| | શરીર |

(4) કવિ કોને ઉત્પાત કહે છે અને કેમ?

(5) કવિ શા માટે 'સમજ્યો છૂટ્યો રણથી' કહે છે? કારણ આપો.

(6) કવિ નર્મદનું ઉપસતા વ્યક્તિત્વનું વર્ણન કરો.

(7) ''હૈયે વડવાનલ જલે, તોય સાગર ગાય
હસી જાણે જગ ઝેર પી, સંતન તે કહેવાય,''
પંક્તિનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

7 નીચે આપેલા સવાલોમાંથી કોઈ પણ **ચાર**ના મુદ્દાસર જવાબ આપો : 16

(1) નંદનંદન શેઠનું વ્યક્તિત્વ.

(2) 'ગુર્જર ભારતવાસી' શીર્ષકની સાર્થકતા.

(3) ફકીરના સ્વભાવનું વર્ણન કરો.

(4) સંતાનની પ્રગતિમાં માતાનો વિશેષ ફાળો હોય છે. 'મારી મા' વાર્તાના આધારે સ્પષ્ટ કરો.

(5) 'પ્રયાગરાજ'નું ધાર્મિક સ્થળ તરીકેનું મહત્ત્વ.

8 નિબંધ લેખન : (ગમે તે **એક**) 8

(1) બેટી બચાઓ બેટી પઢાઓ

(2) મારો યાદગાર પ્રવાસ

(3) આપણું ગુજરાત